# દેવોને પણ દુર્લભ એવું માનવજીવન

મનુષ્ય પોતે શું છે ? જીવનનું સ્વરૂપ અને ધ્યેય શું છે ? જીવન સાથે જોડાયેલી વિભૂતિઓનો સાચો ઉપયોગ શું છે ? આ બધા પ્રશ્નોની અવગણના કરવાથી એક પ્રકારની આત્મવિસ્મૃતિ છવાયેલી રહે છે. અંતઃકરણ મૂર્છિત રહે છે અને જીવનની કોઈ ચોક્કસ નીતિ, ધ્યેય કે દિશા નક્કી કરી શકાતી નથી. ઈન્દ્રિયોની ઉત્તેજના જ પ્રેરણા બની રહે છે. પરંપરાગત રૂઢિઓનું અનુકરણ કરવું તે આપણો સ્વભાવ બની જાય છે. પોતાના અભિમાનને સંતોષવાની લાલસામાં જ કહેવાતી પ્રગતિ માટે માનવ વલખાં મારતો રહે છે. સંસારના નિમ્ન કોટિના જીવજંતુઓની જેમ જ મનુષ્ય પણ સંપત્તિ અને સંતતિ માટે જીવતો હોય છે અને દહાડા પૂરા કરતો રહે છે. કપાયેલી પતંગ અને ડાળીથી તૂટેલાં પાંદડાં હવાના સપાટા સાથે દિશાવિહીન બની આમતેમ ઊડતાં રહે છે. જીવનમાં કોઈ ઉચ્ચ આદર્શ કે તેને પ્રાપ્ત કરવાની દિશામાં કોઈ મહત્વનાં કાર્યો નહીં થતાં હોવાના કારણે મનુષ્ય જીવનના આનંદનો લહાવો લઈ શક્તો નથી. આમ જ રોદણાં રોતાં રોતાં આખું જીવન વ્યતીત થઈ જાય છે. કેટલીકવાર તો અતિશય સુખ અને ભોગ વિલાસની મહેચ્છામાં નીતિ, મર્યાદા, યોગ્યતા અને વિવેકને અભરાઈ પર ચઢાવી દઈ મનુષ્ય એવા ખરાબ રસ્તે ચઢી જાય કે જેમાં પોતાને નુકશાન તો થાય છે જ સાથે સાથે તેની સાથે સંલગ્ન વ્યક્તિઓને અને આખા સમાજને પણ નુકસાન થાય છે.

બાહ્ય જ્ઞાનની જેમ અંતઃજ્ઞાન પણ જરૂરી છે. વિવિધ સુખોપભોગનાં સાધનો ભોગવનારે હંમેશાં વિવેકપૂર્ણ રહેવું જોઈએ, નહીં તો ક્યારેક એવું બને કે સુખસગવડતનાં સાધનોનો દુરુપયોગ જ થશે જેના કારણે અનેક પ્રકારની મુશ્કેલીઓ અને મૂંઝવણો ઊભી થશે, ભૌતિક જ્ઞાન કરતાં પણ વધારે જરૂરિયાત આત્મજ્ઞાનની છે. સારી મોટર ખરીદવાની સાથે સાથે સારા ડ્રાઈવરની પણ

વ્યવસ્થા કરવી જોઈએ, નહિ તો ક્યારેક પગે ચાલવા કરતાં પણ વધારે મુશ્કેલી અનાડી ડ્રાઈવર દ્વારા ચલાવવામાં આવતી મોટરમાં બેસવાથી થાય છે.

જો આત્મજ્ઞાનની જરૂરીયાત અનુભવી શકાય તો સૌથી પહેલાં એ વિચાર કરવો જોઈએ કે આપણે શું છીએ ? આખરે આપણે જીવીએ છીએ શા માટે ? આ બાબત પર આત્મવેત્તા મહાન વિદ્વાનોએ જે નિચોડ કાઢયો છે તે ખૂબ જ મહત્વપૂર્ણ છે. એ નિષ્કર્ષને ભારત દેશના લોકોએ અપનાવ્યો અને તેના આધારે તેમણે સર્વતોમુખી પ્રગતિ સાધી હતી.

અણું શું છે ? સુવિકસિત, સુંદર પદાર્થનો એક નાનામાં નાનો કણ (ઘટક) છે. આત્મા શું છે ? પરમાત્માની સત્તાનો એક નાનકડો અંશ છે. અણુનું પોતાનું અલગ અસ્તિત્વ છે, પરંતુ જે શક્તિને કારણે તેનું અસ્તિત્વ છે તથા તેની જે ક્રિયાઓ થઈ રહી છે તે વ્યાપક શક્તિતત્વથી અલગ નથી. એવી જ રીતે જીવાત્માનું અસ્તિત્વ અને સ્વરૂપ પણ વ્યાપક ચેતનાઓ એક અંશમાત્ર છે.

આધ્યાત્મવાદના આ સિદ્ધાંતના આધારે છેવટે એક સાર કાઢી શકાય છે કે 'આપણે વિશ્વચેતનાનો એક અંશમાત્ર છીએ. સમષ્ટિની આધારભૂત સત્તા છીએ. આપણે તો માત્ર તેની એક નાનકડી ચિનગારી જ છીએ'. ઐક્ય શાશ્વત છે જ્યારે અલગતા કૃત્રિમ છે. બધામાં આપને અને આપણામાં બધાને જોવા, સમજવાં, માનવાં જોઇએ. બધાના હિતમાં આપણું હિત સમાયેલું છે. સહુના સુખે સુખી, સૌના દુ:ખે દુ:ખી, તેમની પ્રગતિ એ આપની પ્રગતિ, અધોગતિ એ આપણી અધોગતિ એમ માનીને ચાલવાથી સુખની પરિભાષા સંકુચિત ન રહેતાં વિશાળ બની જાય છે. પોતે જ સુખી બનવાની ક્ષુદ્રતા ઘટે છે અને વ્યાપક ક્ષેત્રમાં સુખશાંતિ વધારવાની યોજના ઘડાય છે.

પોતીકાપણાની ભાવના હંમેશા મનુષ્યને ખૂબ પ્રિય લાગે છે. આ ભાવના જે પ્રાણી કે પદાર્થ સાથે જોડાય છે તે સ્વજન ખૂબ જ પ્રિય લાગવા માંડે છે. પોતીકપણાનો ઘેરાવો જો સંકુચિત હોય તો તેમાં પોતાની તથા પોતાના પરિવારની જ સુખસગવડોનો વિચાર કરવામાં આવે છે. એ નાનકડું ક્ષેત્ર જ

આપણું લાગે છે અને એમાં જ આપણી પ્રિયતાની સીમા મર્યાદિત થઈ જાય છે. આ ક્ષેત્ર જેટલું વિશાળ હશે તેટલી પ્રેમની સીમા વિસ્તરતી જશે. બધાં પોતાનાં લાગવા માંડશે તો "વસુધૈવ કુટુમ્બકમ્"ની ભાવના જન્મશે. જેટલાં પ્રિય પાત્રો વધે છે એટલાં જ સુખ અને સંતોષ પણ વધે છે. જો સ્વજનોની પરિભાષા વિસ્તૃત કરીએ તો પોતીકાપણાની ભાવના વધે છે. અને તે સમગ્ર વિસ્તારનો વૈભવ પરમપ્રિય લાગે છે.

માનવજીવન એ ભગવાનની આપેલ અમૂલ્ય ભેટ છે. આનાથી વધારે અદ્દભુત, અનુપમ તથા મહત્વપૂર્ણ અને ચેતનવંતી રચના ભગવાનના ભંડારમાં કદાચ બીજી કોઈ નથી. વિચાર, વાણી, આહારવિહાર, રોટી, કપડાં, મકાન, કુટુંબ, સમાજ, કલા, ખેતીવાડી, નિશ્ચિતતા, ઢોરઢાંખર, ચિકિત્સા, વાહન, વૈજ્ઞાનિક સાધનો અને સુખ સગવડતાં બીજાં સાધનો મનુષ્ય સિવાય બીજા કોઈ પ્રાણીને પ્રાપ્ત થયાં નથી. અહીંયાં પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે સંસારનાં બધાં જ પ્રાણીઓ પરમપિતા ઈશ્વરનાં સંતાન છે, તો પિતા હોવાને નાતે પોતાના બધાં જ સંતાનો તરફ સમાન વ્યવહાર રાખવો જોઈએ અને સરખું અનુદાન આપવું જોઈએ. તો પછી મનુષ્યને આટલું બધું વધારે શા માટે આપ્યું અને અન્ય પ્રાણીઓને શા માટે આનાથી વંચિત રાખવામાં આવ્યાં ? જો આ બધી જ સગવડો મનુષ્યને ફક્ત મોજ મજા કરવા માટે જ આપવામાં આવી હોત તો તે ચોક્કસ અન્યાય અને પક્ષપાત જ ગણાત. પરંતુ પરમાત્મા ન તો એવા છે કે ન તો તેમની નીતિ એવી છે.

ખજાનચી, સ્ટોરકીપર, પ્રધાન વગેરે પોતાના તાબા હેઠળની વસ્તુઓનો પોતાનાં ખાનગી કામો માટે ઉપયોગ કરે તો તે તેમનો ગુનો ગણાશે અને તેના માટે તેમને સજા પણ મળશે. બરાબર આ જ પ્રમાણે મનુષ્યને જે કંઈ મળ્યુ છે તે સંસારને વધુ સુખી અને વધુ સમૃદ્ધ બનાવવા માટેની એક અનામત તરીકે મળ્યુ છે. એમાંથી સરેરાશ સામાન્ય નાગરિક સ્તરનું જીવન જીવવા જેટલું જ પોતાના ઉપયોગમાં લઈ શકાય છે. તે સિવાયનો સમય, શ્રમ, જ્ઞાન, ધન, પદ, પ્રભાવ વગેરે રૂપે જે વૈભવ મળ્યો છે તેનો બાકી રહેલો બધો જ હિસ્સો લોકમંગલનાં કાર્યો કરવામાં વાપરવો તે જ મનુષ્યજીવનનો બીજો હેતુ છે.

પૂર્ણત્વ પ્રાપ્ત કરવાની દિશામાં આગળ વધતાં વધતાં આદર્શ, અનુકરણીય, પવિત્ર અને દેવો જેવું જીવન જીવાય અને શારીરિક, માનસિક તથા ભૌતિક સુખ સગવડોમાંથી ઓછામાં ઓછો અંશ પોતાના માટે  રાખી બીજું બધું જ પરમાર્થ માટે વપરાય તો જ ઈશ્વર આપેલા દેવોને પણ દુર્લભ એવા માનવજીવનનો  શ્રેષ્ઠ ઉપયોગ થયો ગણાય. એટલું સમજી લેવું જોઈએ કે રાજાધિરાજ ઈશ્વરનો સૌથી મોટો પુત્ર યુવરાજ મનુષ્ય છે. તેને અન્ય જીવોની સરખામણીમાં જે કંઈ વધારે મળ્યું છે તે કોઈક વિશેષ ઉદ્દેશ માટે પ્રાપ્ત થયેલું છે. તેણે આ બધું ભોગવિલાસ, સંગ્રહ, અહંકારના વરવાં પ્રદર્શન કે સંતાનો માટે મફતની ધનસંપત્તિ મૂકી જવા જેવા નિમ્ન હેતુઓ માટે વાપરવું ન જોઈએ. જે હેતં માટે એ અમાનત મળી છે તેના માટે જ તે વાપરવી જોઈએ.

શરીર અને મન એ જીવનરૂપી રથનાં બે પૈડાં છે, બે ઘોડા છે. તેમને કામ કરવા માટેના બે હાથ, આગળ વધવા માટેના બે પગની ઉપમા આપી શકાય. અંતઃકરણની શ્રદ્ધા અને ઈચ્છા અનુસાર આ બે સ્વામીભક્ત સેવકો કામ કરવા માટે હંમેશા તૈયાર રહે છે. શરીર તો જડ છે. તેની કોઈ સ્વતંત્ર સત્તા કે ઈચ્છતા હોતી જ નથી. ઈન્દ્રિયો પણ પાંચ જડ તત્વોની બનેલી છે. અંતઃકરણમાંથી પેદા થતાં ઉમંગો પ્રમાણે શરીર કાર્ય કરે છે. આ પ્રમાણે મન પણ પોતાની મરજીથી કંઈ જ કરતું નથી. તેનામાં વિચારવાનો ગુણ છે. પણ શું વિચારવું તે અંતઃકરણ નક્કી કરે છે. સજ્જનોનું ચિંતન અને કાર્ય એક પ્રકારનું હોય છે, જયારે દુર્જનોનું અલગ પ્રકારનું હોય છે. આમાં બન્નેનાં શરીર અને મન તદ્દન નિર્દોષ હોય છે. અંતઃપ્રેરણાના  આદેશનો અમલ કરવો એ જ એમનું કામ હોય છે. ખરાબ કર્મ કરવાનો કે મનને ખરાબ બુદ્ધિગ્રસ્ત બનાવવાનો જે આદેશ મળે છે તે તદ્દન અવાસ્તવિક છે. આ બંને વાહનોને પ્રેરણા આપવાનું અને રાહ દેખાડવાનું કામ અંતઃકરણરૂપી સારથિનું છે.

શરીરમાં ક્રિયા, મનમાં વિચારણા અને અંતઃકરણમાં ભાવના કામ કરે છે. ભાવનાઓ જ શ્રધ્ધા, નિષ્ઠા, આસ્થા, માન્યતા વગેરે નામે ઓળખાય છે. આ

બધાના સહયોગથી જ ઈચ્છાઓ ઉદ્દભવે છે. અને પછી તેણે દર્શાવેલી દિશામાં શરીર અને મનરૂપી સેવકો કામ કરવા માટે તૈયાર થઈ જાય છે.

આત્મજ્ઞાનનો અર્થ છે - આપણે સત્, ચિત, આનંદસ્વરૂપ પરમાત્મા સત્તાના અભિન્ન અંગ છીએ તેવી અનુભૂતિ અને આસ્થા અંતરાત્માના ગહન સ્તરમાં ઉત્પન્ન કરવી. પૂર્ણતાની પ્રાપ્તિ અર્થે આપણે શ્રેષ્ઠતમ જીવન જીવવાની પદ્ધતિ અપનાવવાનો છે અને જે આપણને મળ્યું છે તેનો લોકહિતાર્થે ઉપયોગ કરવાનો છે. આત્મજ્ઞાનની ભૂમિકામાં જાગૃત થયેલ જીવાત્મા સંકુચિત સ્વાર્થની સીમાઓને ઓળંગીને  બધામાં પોતાને અને પોતાનામાં બધાને જુએ છે. તેથી સ્વર્થી અથવા તો ખેંચતાણ કરનાર તેની પાસે ફરકી પણ શક્તા નથી. તેનામાં વ્યાપક લોકહિતની અને શ્રેષ્ઠ ઉદ્દેશોને ક્રિયાશીલ બનાવવાની ભાવના જ કામ કરતી હોય છે. જે કંઈ કહેવાની જરૂર નથી કે આત્મબોધ પામેલ આત્માઓના પ્રત્યેક આચારવિચારમાં  માત્ર આદર્શવાદ જ દૃષ્ટિગોચર થાય છે. આવા માણસો મુશ્કેલી વખતે કે અભાવ વખતે પણ પોતાના અંતઃકરણમાં પરમ આનંદ અને સંતોષ સાથે જીવતા હોય છે.

ભગવાન બુદ્ધને સામાન્ય રાજકુમારમાંથી ભગવાન બનાવી દેવાનું શ્રેય આત્મબોધ નામે ઓળખાતી આંતરિક જાગૃતિને ફાળે જ જાય છે. જેને પણ આ આત્મબોધ થશે તે એ જ માર્ગે ચાલશે અને તને મના જેવાં જ સારાં પરિણામ પ્રાપ્ત કરવાનો અધિકારી બનશે.